Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# જાનપદી નવલકથા 'મશારી' - એક અધ્યયન

ડો. જિજ્ઞેશ ઉપાધ્યાય
ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજ –રાજકોટ

('મશારી'- લેખક  કિશોરસિંહ સોલંકી)

ગુજરાતી જાનપદી નવલકથા ના તબક્કાઓ આવતા રહ્યા છે. આવા ચારેક તબક્કાઓની વાત ધવલ મહેતાએ પણ 'આંગળિયાત'ની સમીક્ષાના સંદર્ભે કરી હતી.

સાહિત્યમાં ગામડું, તળપદનું આલેખન, તળપદી ભાષા આમ તો ૧૯૩૨માં લખાયેલા "સાપના ભારા" એકાંકીઓમાં પહેલી વાર આવતા જણાય છે. આ કથા સાહિત્યમાં ૧૯૩૬ના ગાળામાં મેઘાણીના હાથે જનપદનો પ્રવેશ થાય છે.

"સોરઠ, તારા વહેતા પાણી" જાનપદી (આમ તો પ્રાદેશિકતા ના લક્ષણો જ વધુ ધરાવે છે) નવલકથાના પ્રારંભનું પ્રથમ મોજું છે. ૧૯૪૪માં "માનવીની ભવાઈ" માં જાનપદી નવલકથાનું જુદું જ રૂપ નીખરે છે. - આ બીજું મોજું ધન્યપાત્ર છે. આધુનિક સાહિત્યના ગાળામાં - જ્યારે બધું પશ્ચિમનું કે પશ્ચિમ જેવું લખાતું - વંચાતું - ચર્ચાતું પ્રશંસાતું  હતું. ત્યારે એ બધાંની સામે અનુભવની શક્તિને શબ્દના સામર્થ્ય વડે આ આકારવાની રઘુવીર ચૌધરીની હઠ - હિંમત ધ્યાનપાત્ર છે. 'ઉપરવાસ' કથાત્રયીનું આ ત્રીજું મોજું.

ને ગુજરાતી આધુનિક કથાસાહિત્યમાં કૃતકતા મંદપ્રાણતા વધુને વધુ આવ્યાં, ત્યારે, જાણે કે એના પ્રત્યાઘાત રૂપે "આંગળિયાત" જાનપદી નવલકથા ના 'ચોથા મોજારૂપે' આપણે ત્યાં પ્રગટે છે. "મશારી" આ ચોથા મોજાના કાળની કૃતિ છે ૧૯૮૬માં એ પ્રગટ થઈ, ત્યારે આધુનિકતાવાદી વલણોના વળતા પાણી થઇ ચૂક્યા છે એનો પ્રભાવ-દબાવ ઘટી રહ્યો છે. ને "વ્યથાના વીતક" તથા "આંગળિયાત" ના પ્રાગટ્યથી કથાસાહિત્યમાં જૂની દિશાનો પવન ફૂંકાવા લાગ્યો છે. - ત્યારે 'મશારી' પ્રકાશિત થાય છે.

'મશારી' એટલે ખેતીના કામમાં નિશ્ચિત ભાગ - પગારે ( આ ભાગ રૂપિયામાં હોય, કે તેને ઉધડ કે મશારો કહે છે,) કામ કરતો જણ, માણસ, જેને જણ, હાળી, ખેડૂ, ભાગિયો પણ કહે છે. અહીં ગોદડ ભગત નામનો કામ, મહેનતું, સચ્ચાઈવાળો ચોખ્ખો માણસ વીરામુખી ની ખેતી વાડી એ મશારી તરીકે રહે છે. જાતનો એ ચમાર છે, પણ એની કર્મઠતા, સચ્ચાઈ અને માણસાઈ વંદના યોગ્ય બની રહ્યાં છે.

આ નવલકથાનો કદ તો નાનું છે- માંડ દોઢસો પાનાંનું,  પણ એનું વિભાવન લઘુનવલનુ નથી, આ નવલકથા જ છે; જાનપદી નવલકથા. કથાના કેન્દ્રમાં લેખકે ભગતને રાખ્યા છે, મુખીને નહીં. એટલે ભગત કથાનો નાયક છે. એમ કહીશું. નાથું, જીવી અને

કંઈક અંશે ના નરસંગની ખલતા દુર્વૃત્તિઓ અહીં ભગતના ગુણો સામે વિપરીત પરિસ્થિતિઓ રચે છે. વૃત્તિ-પ્રવૃત્તિ અને પ્રકૃતિનો વિરોધ રચવામાં લેખકે સર્જકતા દાખવી છે. માનસ સ્વભાવની નબળાઈઓની સામે માનવ સ્વભાવની વિલક્ષણતા મૂકાઈ છે. કુત્સિત દુરિતની સામે એક દલિત પીડિત માણસની સચ્ચાઈ, સહનશીલતા, નરવાઈ મૂકીને લેખકે કથાની સંકલના કરવામાં ખાસ્સી કોઠાસૂઝ પ્રગટાવી છે, એ તરફ ધ્યાન જવું જોઈએ.

**કથા પ્રકાશ**

લેખકે મશારી ભગતને કેન્દ્રમાં રાખ્યા છે એટલે લેખકનુ ફોકસ પણ એ જ્યાં કામ કરે છે તે વાડીમાં સીમ પૂરતું મર્યાદિત રહે છે. ગામ ગ્રામ સમાજનું આછું અમથુ આલેખન મળે છે ખરું, પણ લેખકનો આશય અહીં સમાજજીવન કે એની સમસ્યાઓને આલેખવાનો નથી. એટલે મુખી જીવનની ઘટનાઓ વિસ્તારથી આલેખવાની તક હોવા છતાં લેખકે એ દિશા લીધી નથી આથી કૃતિની વસ્તુ સંકલનાને ચુસ્તીનો, સોંસરાપણા લાભ મળ્યો છે એમ મને લાગ્યું છે.

જે અનુભવમાંથી આવે છે એ પાંગળુ નથી હોતું, વળી એને સાહજિકતા પ્રગટવા ટાણેય પોતાનો માર્ગ મોકળો કરી લેતી હોય છે. એવો ઓછો - વત્તો અનુભવ પણ 'મશારી' વાંચતા થઈ રહ્યો છે. બાળપણમાં લેખકને ભેંસો ચરાવતા એક હરિજન કાકા મળેલા, જે ભેંસો ચરાવતા હતા. એ કાકાએ પોતાનું એક નાનકડુ શમણું (અપેક્ષા) કહેલું - "મારે પણ બે વીઘા જમીન હોય-" ને પછી નિ:સાસો તથા દૂર ક્ષિતિજની શૂન્યતાને તાકતી દૃષ્ટિ. સ્વપ્ન જોનાર માત્રની આવી નિ:સહાય સ્થિતિ કે નિયતિને ચીન્ધતી મશારી સુખાંત કૃતિ છે. સચ્ચાઈનો દુરિત સામેનો વિજય એમાં ગર્ભિત રહ્યો છે. તો પરિશ્રમ તથા સચ્ચાઈ પ્રત્યે બેદરકાર અને માનવતા પ્રત્યે અનુદાર રહેનાર મુખી ની અવદશા પણ માણસના કર્મો જ એના પતનને નોતરે છે.' - એ લોકતારણ નો સંકેત આપે છે.

નાના માણસ નું સ્વપ્ન પણ નાનું હોય છે! એક ઓરિયા વાર્તામાં પોસ્ટમેન પોતાનો દીકરો પોસ્ટ માસ્તર બને એવું સપનું જુએ છે.- સપનું તો ફળે છે. પણ દીકરો પીડા આપે છે એ ટળતી નથી.

અહીં મશારી- ભગતનાં બે શમણાં છે. એક તો છે પોતાની પાસે પણ બે વીઘા જમીન હોય તો તેમાંથી સરસ વાડી કરે ને એય મોજ મજા કરે- ખાસતો પોતાને ત્યા રહેતા મશારીની કાળજી લ્યે, અપમાન ન કરે ને એની સાથે માણસાઈ દાખવે! ભગતની સાથોસાથ હતો અન્ય આમાંથી પ્રગટે છે.

ભગત ને શાનુ દુઃખ છે, શાની પીડા છે? શો અન્યાય થાય છે. અને તોય ભગત અકળ મૌન જ કેમ સેવે છે? આ બધાનુ શું પરિણામ આવે છે? એ આ કથામાં બરોબર વર્ણવાયું છે.

ભગત જાતના ચમાર છે એકવાર મરેલા ઢોર નો ચામડું ઉતરડવાનું કામ જોતા કંપી ઉઠયા. ને એ ઢોરની માટી ખાતા લોકોને જોઇને ઘર - ગામ છોડી સારી સાચી મહેનતવાળી મજૂરી મળે એ કરવા નીકળી પડ્યા. ને આ ગામે આવતા વીરો મુખી એમને પગ મૂકવાની જગા આપે છે. નિરાધાર ભગતને આ મોટો અહેસાન લાગે છે. ને એ જીવનભર એ જ ગણે છે- કે 'મને સૌ પહેલા પગ મૂકવાની જગા તો મુખીએ જ આપી' -એટલે એ ગાળો દે, અન્યાય કરે કે શોષણ કરે તોય ભગત બોલતા જ નથી! મુખીને અન્નદાતા માની લે છે દલિત કોમની આ માણસાઈ છે- જે મદદ કરે, ખરે ટાંકણે વ્હારે ચઢે તે ભગવાન! એટલે ભગત બદલાતા નથી.

ભગત પ્રામાણિક પણે મહેનત કરે છે. થાય એનાથી વધુ મહેનત કરે છે. પણ મુખીની દીકરી જીવી તથા આ જીવીનો પ્રેમી નાથુ. જે આજ વાડીમાં નોકર છે. બંને મળીને એને માથે ખોટા આળ ચઢાવે છે. નરસંગ પણ એમાં જોડાય છે. નાથુ મુખીને મન ભલો, સાચો છોકરો છે... આમેય એ એમના અવૈદ્ય સંબંધનુ સંતાન છે. મુખી એટલે તો નાથુને ઠપકોય નથી આપતા. બલકે એની આંખ જુવે છે- એટલે છેવટે બધું તારાજ થાય છે. જીવી - નાથુ ખેતરમાંથી અનાજ ચોરેને મૂખીને કહે છે, આ બધું ભગત કરે છે.

નાથુ દાર ગાળે છે- દારૂ પીવે છે, જીવીની સાથે મળીને - બધું લૂંટવા જેવું આચરે છે. ભગત થી આ સહેવાતું નથી. મુખી તો ભગતને જ ધમકાવે છે. ને એકવાર કાઢી મૂકે છે. બાજુ ની વાડી નો દલ્લો પટેલ મશારી ભગત ને બરોબર ઓળખે છે. એ ભગતને રાખે છે. ને જમીન પણ અપાવે છે. જો કે ગરીબનું નાનું સરખું- શમણું પણ ફળ એ ઘણાને નથી ગમતું! પણ ભગત ની પ્રમાણિકતા જાણે એમને ફળે છે, અને જમીન મળે છે.

મુખી અફીણની લતમાં, નાથું -જીવી પ્રેમનશામાં બધું બરબાદ કરે છે. ભગત તો સચ્ચાઈ જાણે છે- પણ ફરિયાદ કરતા નથી. માર ખાઈ લે છે; અપમાન વેઠે છે પણ પગ મૂકવા જગા આપનારની સામે બોલતા નથી! જોકે હદ આવી જાય છે. ત્યારે પણ ભગતને લેખક ચૂપ રાખે છે - ને એનાથી મુખીને વધારે નુકસાન થાય છે. કદાચ ભગત બોલ્યા હોત તોય મુખી ન માનત તો ?- એવી શંકા પણ આપણને થાય છે. છેવટે નાથું- જીવી દાગીના સાથે, રૂપિયા સાથે ફરાર થાય છે. મુખી અફીણ માં પકડાઈ છે. ને વાડી ની જમીન હરાજ થાય છે. ત્યારે ભાંગી પડતા મુખીને ભગત દોડીને આધાર આપે છે. ભગત બદલાતા નથી. સમય બદલાવા છતાં એ સચ્ચાઈ છોડતા નથી. મુખીને પોતાની ભૂલો/અપરાધોની યાદ આવે છે. પણ મોડું થઈ ગયું છે! એક જાહોજલાલીને, ભર્યા ઘર ખેતર વાડી અને ભર્યાભાદર્યા મનેખને દુરિત કુત્સિત કેવી રીતે ફોલી ખાય છે- વૃત્તિ નો કીડો નાથુ-જીવી રૂપે બધું કરકોલી ખાય છે ને ખોખલું આયખુ ખખડતુ રહી જાય છે. આ બધાની સામે સચ્ચાઈનો આદમી ભગત ધીમે ધીમે પોતાનુ જગત રચવામાં સફળ થાય છે. ખૂબ વેઠે છે. એટલે છેવટ જતાં થોડુંક તો જરૂર પામે છે! જાહોજલાલી અને પાયમાલી એક સિક્કાની બે બાજુ! બંને જાણે અહીં પરિસ્થિતિઓ રૂપે સામે આવે છે. ને એમ કૃતિનો રચના બંધ વણાય છે. જો કે લેખકે પરિસ્થિતિઓનો પૂરો કસ કાઢ્યો નથી. એ માનવસ્વભાવ દુરિતને વધારે વ્યાપકપણે અને ઉઘાડા રૂપમાં ઊંડાણથી બતાવવાની તક લેખકે પૂરેપૂરી ઝડપી નથી.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**ઘટના - પ્રસંગો અને પાત્રની આંતર મનની પ્રક્રિયા**

કિશોરસિંહ કથનમાં રચ્યા છે. જોકે એમને ઘટના - પ્રસંગો અને પાત્રની આંતર મનની પ્રક્રિયા કે એવા સંચાલનો બતાવવામાં ફાવટ જરૂર છે.- અહીં ભગતના પાત્રમાં એ એવું પ્રત્યક્ષ ક્રિયાકરણ દાખવી શક્યા છે. પણ બીજી કેટલીક વાર તે એમણે કથનથી ચલાવ્યું છે.- જેમકે નાથું મુખીના અવૈદ્ય સંબંધો નું સંતાન છે.- એમ સૂચવાય છે. પણ એ વિશે ઘટના પ્રસંગો પ્રક્રિયા કે પ્રતિક્રિયારૂપે મૂકીને દર્શાવ્યા હોત તો મુખી ના પાત્રમાં જે સપાટતા કે એક પરિણામી વ્યક્તિમત્તા આવી ગયા છે. તેમાંથી બહાર નીકળી શકાત..... એવા બીજા ઉદાહરણો પણ લઇ શકાશે.

ભગત નું સ્વપ્ન બીજું સ્વપ્ન છે પોતાના છોકરા રામલા ને ભણાવીને માસ્તર બનાવવાનું.પણ આ શમણુ પૂરું આકાર પામતું નથી. એની વાત અછડતી રહી જાય છે; આથી ભગતના પાત્રને હજુ વધુ એક પરિમાણ મળતા મળતા રહી ગયાનો અનુભવ થાય છે. વળી 'બે વીઘા જમીન' વાળી ભગતની વાત ધ્રુવ પંક્તિ ની જેમ વારે વારે આવ્યા કરે છે. એ પણ નબળાઈ છે. જો રામલાના ભણતરની સાથે શાળા આદિની કશી વાતો આવી હોત તો ભગત ના બેઉ શમણા વચ્ચે સંતુલન પણ આવત. પણ કથામાં જે નથી એની વાત કરવી નકામી છે. કથામાં જે છે તે, કેમ, કેવી રીતે છે? - એની સમીક્ષા જ મહત્વની ગણાય.

**આગવી શૈલી** ત્રણેક દાયકા પૂર્વે નો ગ્રામ સમાજ એની કપરી કઠોર વાસ્તવિકતા સાથે આ કથામાં ઉપસ્યો છે. લીલાસૂકા ખેતરો સાથે માનવજીવનની લીલીસૂકી પણ ગાડાના ચક્રની જેમ (ભાગ્યચક્ર) બનીને ફરતી રહે છે. લેખકે સીમ વાડી ના વર્ણનો નિમિત્તે પ્રકૃતિના પરિસરને પણ આલેખ્યો છે. ત્યાં એ આપણી કેટલીક નવલકથાના લેખકોની જેમ કવિતા કરવા કે કાવ્યાભાસી ગદ્યમાં વર્ણન કરવા નથી બેસી ગયા એ ઘણી આશ્વાસક વાત છે. વાસ્તવલક્ષી કૃતિને જે પ્રકારની ભાષાની આવશ્યકતા હોય છે તે પ્રકારની ભાષામાં કિશોરસિંહે ફાવટથી કામ કર્યું છે. એમણે પ્રસ્તાવનામાં લખ્યું છે.- "પાત્રોચિત ભાષા વાપરી નથી."

મને લાગે છે કે એમણે પાત્રોચિત ભાષાના તો વાપરી છે જ, પણ એમને કહેવું એવું છે કે તળપદી ભાષાનો હદ બહારનો ઠઠારો એમણે કરવા ધાર્યો નથી. છતાં અનાયાસ આવી જતા બોલી પ્રયોગો, રુઢિપ્રયોગો, કહેવતો કથાના સમગ્ર પરિવેશને વધારે બળૂકો ને પ્રત્યક્ષ બનાવી આપે છે. ભગત-મુખી -જીવી -નાથુની વાતો કે એમના માનસિક સંચલનનો જે ભાષામાં વ્યક્ત થયા છે એ ભાષાએ પાત્રોની સ્થિતિ- સ્વભાવ- વૃત્તિ-વ્યવહારને અનુરૂપ નથી એમ નહીં કહેવાય. જ્યાં સંકેતોનો લાભ લેવા જેવો લાગ્યો ત્યાં તેમ થયું છે, છતાં આસપાસના પરિવેશમાંથી જ ઘણું ઘણું લઈને પાત્રો, પરિસ્થિતિ અને તનાવ આદિને હજુ વધારે દ્રઢતાથી અને કંઈક વ્યાપથી પણ આલેખી શકાયા હોત તો સારું થાત એમ લાગે છે. કિશોરસિંહ સ્વસ્થ સર્જક છે. એની પ્રતીતિ આપતી આ કથામાં લેખક પૂરી નિરાંતે ઠરીને પ્રગટ્યો હોય એવું ઓછું લાગે છે.

ખેતર માટીનું, ભગતના વર્તનનું તથા મનોમંથનનું આલેખન આ કથામાં આકર્ષણરૂપ છે ક્યાંક ક્વેતાઈવાળા વાક્યો આવી જાય છે ખરા- દા.ત. 'આપણે તો ધરતીના જીવડાને ધરતી તો દૂધણી ભેંસ છે....!' વગેરે. પણ કેટલુ કથાનું વર્ણન તો કલાત્મક છે.

દા.ત. પૃ.૩૬ ઉપર નાથુ -જુવારમાં પાણી મૂકે છે ને જીવી ચોરીછૂપીથી એને જુવારમાં જ મળવા સરે છે. ભગત આ જોતાં જ પાછા વળી જાય છે. એ પછીનુ વાક્ય જુઓ : "પછી તો પાણી એ ક્યાંથી બીજામાં એમ રેલમછેલ થઈ ગયું !"

ભગતને નાથુ ની બા અને મુખીના આડાસંબંધો નો ખ્યાલ આવે છે ને સૂનમૂન થઈ જાય છે, ઢાળિયાનુ કામ કરતા કરતા... લેખક લખે છે -'ઢાળીયો ફાટી ગયો' (પૃ,૪૧) આની વ્યંજના કેટલી સ્વાભાવિકતાથી કહેવાની વાતને કહી દે છે. જીવીને નાથુથી બીજો મહિનો જાય છે. એ વાત જાણ્યા બાદ ભગત હોળ જોડે છે ખરા, પણ એમની મનઃસ્થિતિ કેવી છે? લેખકે એક જ વાક્યમાં એ દર્શાવ્યું છે:-

'(ભગતે) હળની ચકલી પકડીને બળદ ડચકાર્યા પણ ચાસડો સીધો ન આવ્યો.' આવા વધુ ઉદાહરણો લઇ શકાશે ટૂંકમાં, લેખકે પાત્ર - પરિસ્થિતિને માનસિકતા પ્રમાણે ભાષા પ્રયોજી છે. વાસ્તવલક્ષી કૃતિમાં આ પ્રકારની ભાષાથી જ સર્જક દાખવવાની હોય છે.

**જાનપદી નવલકથા તરીકે વિશેષતા** આ નવલકથા વાંચનારને વિભૂતિભૂષણ બંદોપાધ્યાય ની 'આદર્શ હિંદુ હોટલ' નવલકથા સાંભરવાની, એનો નાયક પણ ભગત જેવો જ છે અત્યંત સરળ, કંઈક ભીરુ. ભોળો અને બીજાનું કદીય ખોટું ન વિચારનાર રસોઈયો હજારી ઠાકુર આ નવલનો નાયક છે. એનુય સ્વપન છે કે પોતાની અલગ એક હોટલ હોય.... ને એમ ભગત ની જેમ મથામણ કરે છે છેવટે એનુય સ્વપ્ન ફળે છે. હજારી ઠાકુરને પણ ચોરીનું આળ તથા અપમાન ને ગાળો વેઠવા પડે છે. છતાં એ શેઠ સામે કદીય બોલતો નથી. બધું મૂંગે મોઢે સહી લે છે, બીજી હોટલવાળો એને વધુ પગારે લઈ જવા ચાહે છે. પણ જતો નથી. મશારી ભગત પણ મુખીને છોડીને દલા પટેલ ની માંગણી હોવા છતાં જતા નથી..... આ બંને કથાઓ નો તુલનાત્મક અભ્યાસ કરવા જેવો છે. કિશોરસિંહે ઉક્ત કથા વાંચી હોય કે ન વાંચી હોય, એમની 'મશારી'એમના અનુભવની, અનુભવેલા પરિવેશની સહજ અને સાચુકલી કથા છે. તથા એમાં જ કલાનો ઓછો વત્તો અનુભવ પણ આપણને થાય છે.

'મશારી' ને અંતે નિ:સહાય મુખી ભગત સાથે હૃદય સંવાદ અનુભવે છે-એવો સંકેત છે. આમ, ભીતરમાં અંતર ભૂંસાય છે. વ્યક્તિ વ્યક્તિ અને સમાજ સમાજ વચ્ચેનુ અંતર ભૂંસવુ એટલું સરળ નથી, પણ આ જાણે બીજાંકૂર ફૂટવાનો સંકેત છે. સાચ છેવટે આગળ આવે છે, દુરિત કે કુત્સિતના પરાભાવની ક્ષણ પણ આવતી હોય છે.... સમય ફરે છે, તે ઘણાને ફેરવે છે.... આવી એક સમય ક્ષણ આગળ કાળબોધનો સંકેત આપીને, મશારી નવલકથા અટકે છે.

'ઋતુ', 'રઝળતા દિવસ' માં કંઈક રંગદર્શિતા ને મુગ્ધતા હતા. કથાના રૂપના અને રૂપાયનના ત્યાં પ્રશ્નો હતા. 'ભાઈચારો' માં થોડીક દિશા બદલાય છે, વાસ્તવની ભોય પર લેખક માંડણી કરે છે. કથન વર્ણન સંકલનના પ્રશ્નો ત્યાં પણ ઓછા છે. જોકે કૃતિનું કેન્દ્ર અને લેખકનું દિશાદર્શન - આ બંને વચ્ચે 'ભાઈચારો' સહજ રીતે વિસ્તરતી હોય એવું નથી લાગતું..... ભાવાવેગ ને લાગણીઓમાં પણ ત્યાં ચીલાચાલુ ઘણુ છે મ. પણ 'મશારી'માં કિશોરસિંહમાનો નવલકથાકાર કેન્દ્ર અને દિશાદર્શન બેઉને

સાચવીને પ્રગટે છે. એ આનંદની વાતના ઉલ્લેખ સાથે મારી વાત પૂરી કરું છું.

-*-*-*-*-*-

સંદર્ભ

(૧) 'નવલકથાકારની ભારત માટેની ખોજ' –ઉમાશંકર જોશી

(૨) 'જાનપદી નવલકથા અને પશ્ચિમમાં એનો ખ્યાલ' –પ્રવીણ દરજી

(૩) ' ગુજરાતી જાનાપદી નવલકથાઓ' –નરેશ વેદ

(૪) 'જાનપદી નવલકથાનો છેલ્લો દાયકો'- પ્રમોદકુમાર પટેલ

(૫) 'મશારી' વિષે કેટલાક નિરીક્ષણો- મણિલાલ હ પટેલ